જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૦/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૯૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૧૯ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ કાર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૦૦/૨૦૨૫**

ક્રાઈમ બ્રાન્ચઃ જ્યોતપ્રસાદ સત્યનારાયણ શર્મા (ઉ.વ.૪૮) (રહે. મધર ડેરી પાસે સેક્ટર–૧૭, ફરીદાબાદ, હરિયાણા) એ તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે જ્યોતપ્રસાદ શર્મા નાઓ દીલ્હી ઉત્તરપ્રદેશ ઉતરાખંડ રાજ્યમાં ઈન્ફાસ્ટ્રક્ચરનો વ્યવસાય કરતા હોય મની એક્ષચેન્જ કરતા વિજય ઠાકરશીભાઇ કણજરીયા (રહે. અમદાવાદ) નાઓના સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ જ્યોતપ્રસાદ શર્માના ક્લાયન્ટના વોલેટમાં USDT ટ્રાન્સફર માટે તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ દીલ્હી ખાતેથી એન.આર.આંગડીયા તથા રમણસિંગ આંગડીયા મારફતે અમદાવાદ નવરંગપુરા વિજય ચાર રસ્તા પાસે યુનિવર્સીટી પ્લાઝા ઓફીસ નંબર–૧૦૫ ખાતે પ્રાઇમ આંગડીયામાં કુલ રૂપિયા ૮,૫૦,૦૦,૦૦૦/– ટ્રાન્સફર કરાવ્યા હતા. જે રૂપિયા જ્યોતપ્રસાદ શર્માના ક્લાયન્ટના વોલેટમાં USDT ટ્રાન્સફર નહી કરી તેમજ પ્રાઇમ આંગડીયામાંથી વિજય કણજરીયાએ રૂપિયા ૧,૦૦,૦૦,૦૦૦/– મેળવી લઇ આજદિન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.સિસોદીયા ચલાવે છે.

શાહીબાગઃ માલવ સ/ઓ ભુપેશભાઇ સોની (ઉ.વ.૩૦) (રહે. રાધે કુટીર સફલ બંગ્લોઝની બાજુમાં ભાટગામ પાસે ગાંધીનગર) એ તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માલવ સોનીના પિતા શાહીબાગ કેમ્પ રોડ સુજાતા ફ્લેટ ખાતે દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૨૯/૦૯/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૪૭૦૧૦૧૭૮૬ ના ધારકે માલવ સોનીના પિતાના વોટ્સએપમાં ગેસ કનેક્શનનું બીલ ભરવાની છેલ્લી તારીખ હોવાનો તથા ગેસ કનેક્શન ચાલું રાખવું હોય તો મોબાઈલ નંબર ૯૫૦૮૧૬૩૬૩૨ ઉપર સંપર્ક કરવાનો મેસેજ કર્યો હતો. જેથી માલવ સોનીના પિતાએ બીલ ભરી દીધાની રિસીપ્ટ મોકલતા તેઓએ સર્વર ડાઉન હોવાનું કહી પેમેન્ટ કરવાનું જણાવી APK FILE મોકલતી આપી હતી. જે ફાઈલ માલવ સોનીના પિતાએ ખોલતા ઓપન નહી થતા માલવ સોનીના પિતાએ ફાઈલ માલવ સોનીને ફોરવર્ડ કરી હતી. જેથી માલવ સોનીએ ગેસ કનેક્શન બાબતના વેરીફીકેશન માટે મોબાઈલ નંબર ૯૫૦૮૧૬૩૬૩૨ ઉપર સંપર્ક કરતા તેઓએ ગેસ કનેક્શન બાબત તમામ વિગત આપતા માલવ સોનીએ વિશ્વાસ આવતા તેઓએ આપેલ APK FILE ઓપન કરતા જ માલવ સોનીનો ફોન હેક થઈ ગયો હતો. દરમ્યાન ગેસ કનેકશન સાથે લીંક કરેલ માલવ સોનીના માતાના બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૫૭,૦૦૭/– અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.આંબલીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૦૧/૨૦૨૫**

બાપુનગરઃ સેજલબહેન ડો/ઓ રેવાભાઇ વાઘેલા (ઉ.વ.૨૭) (રહે. સંજયગરના છાપરાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.ખેર ચલાવે છે.

આનંદનગરઃ રાજુભાઇ મહેશભાઇ ભાટી (ઉ.વ.૩૦) (રહે. રામદેવનગર વાલ્મિકીવાસ જોધપુર સેટેલાઇટ) નાઓ માનસીક બિમાર હોય જેઓને સારવાર માટે શિવરંજની સિગ્મા આઇકોન–૨ કરાર રેસ્ટોરન્ટની પાસે મેડીલિંક હોસ્પિટલ ખાતે લઈ જતા રાજુભાઈ ભાટીએ બિમારીથી કંટાળી તા.૦૩/૧૦/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ચોથા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સહદેવસિંહ નારુભા ચલાવે છે.

ઓઢવઃ લખીન્દ્ર સાહની (ઉ.વ.૪૫) (રહે. પકાહા ચાલી ભગવતીનગર તલાવડી પાસે સિંગરવા ગામ સિંગરવા) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૦૪/૧૦/૨૦૨૫ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ વેપારી મહામંડળ પાછળ સાઇનો પોલ પ્રાઇવેટ લીમીટેડ નજીક કોમન પ્લોટમાં ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી